**કલમ–૪(૧)(ખ) (૩):– દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિઃ–**




**માહિતી અધિકાર અધિનિયિમ–૨૦૦૫ની કલમ–૧૯(૧) અને માહિતી અધિકાર નિયમ–૨૦૧૦ ના નિયમ–૬ મુજબની કામગીરી**

૧૯.(૧) કોઈપણ વ્યકિત જેને કલમ–૭ની પેટા કલમ–(૧) અથવા પેટા કલમ–(૩) ના ખંડ (ક) માં નિર્દિષ્ટ કર્યા મુજબની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ થઈ ન હોય અથવા કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈ હોય , તે, આવી મુદ્દત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાથી ત્રીસ દિવસની અંદર, દરેક જાહેર સત્તમંડળની અંદર, કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારી કરતાં ઉપલો દરજજો ધરાવતા હોય તેવા અધિકારીને અપીલ કરી શકશેઃ

પરંતુ આવા અધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનાર પુરતા કારણોસર સમયસર અપીલ કરી શકયો ન હતો, તો તે ત્રીસ દિવસની મુદત વીતી ગયા પછી અપીલ સ્વીકારી શકશે.

(૨) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીએ અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીએ કરેલ હુકમની સામે, કલમ–૧૧ હેઠળ ત્રાહિત પક્ષકારની માહિતી જાહેર કરવા માટે અપીલ કરવામાં આવી હોય, ત્યારે સંબંધિત ત્રાહિત પક્ષકારે હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર અપીલ કરવી જોઈશે.

(૩) પેટા–કલમ–(૧) હેઠળના નિર્ણય સામેની બીજી અપીલ, જે તારીખે નિર્ણય કરવો જોઈતો હતો અથવા ખરેખર મળ્યો હોય તે તારીખથી નેવું દિવસની અંદર કેન્દ્રીય માહિતી પંચ અથવા રાજય માહિતી પંચ સમક્ષ કરવી જોઈશેઃ

પરંતુ કેન્દ્રીય માહિતી પંચને અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને ખાતરી થાય કે અપીલ કરનાર પુરતા કારણોસર સમયસર અપીલ કરી શકયો ન હતો, તો તે નેવું દિવસની મુદ્દત વીતી ગયા પછી અપીલ સ્વીકારી શકાશે.

(૪) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીના અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીના નિર્ણય વિરુધ્ધ કરાયેલ અપીલ, ત્રાહિત પક્ષકારની માહિતી સંબંધી હોય, તો કેન્દ્રીય માહિતી પંચે અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચે, તે ત્રાહિત પક્ષકારને સુનાવણીની વાજબી તક આપવી જોઈશે.

(૫) કોઈ અપીલની કાર્યવાહીમાં વિનંતીનો અસ્વીકાર કાયદેસર રીતે કરવામાં આવ્યો હતો તે સાબિત કરવાની જવાબદારી જેણે વિનંતીનો અસ્વીકાર કર્યો હોય તે કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીની રહેશે.

(૬) પેટા–કલમ(૧) અથવા પેટા–કલમ(૨) હેઠળની અપીલનો નિકાલ, અપીલ મળ્યાના ત્રીસ દિવસની અંદર અથવા યથાપ્રસંગ, તેની અપીલ દાખલ કર્યાની તારીખથી કુલ પિસ્તાળીસ દિવસથી વધુ નહિ તેટલા લંબાવેલા સમયગાળાની અંદર, લેખિતમાં કારણોની નોંધ કરીને, કરવો જોઈશે.

(૭) કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચનો નિર્ણય બંધનકર્તા રહેશે.

(૮) તેના નિર્ણયમાં, કેન્દ્રીય માહિતી પંચને અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને, નીચેની બાબતોના સંબંધમાં સત્તા રહેશે–

(ક) આ અધિનિયમની જોગવાઈઓના પાલનને સુનિશ્ચિત કરવા માટે આવશ્યક હોય તેવા નીચે ઉલ્લેખેલ સહિતના કોઈ પગલાં લેવા–
  (૧) જો આવી વિનંતી કરવામાં આવી હોય, તો ખાસ સ્વરૂપે માહિતી પુરી પાડવા,
  (૨) કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા યથાપ્રસંગ, રાજયના જાહેર માહિતી અધિકારીની નિમણુંક કરવા,
  (૩) અમુક માહિતી અથવા માહિતીના પ્રકારો પ્રસિધ્ધ કરવા,
  (૪) રેકર્ડની જાળવણી, સંચાલન અને તેના નાશના સંદર્ભમાં તેની પધ્ધતિમાં જરૂરી ફેરફારો કરવા,
  (૫) માહિતીના અધિકારી બાબતે તેના અધિકારીઓ માટે તાલીમની જોગવાઈ વિસ્તૃત કરવા,
  (૬) કલમ–૪ની પેટાકલમ–(૧) ના ખંડ(ખ)ના પાલન માટે વાર્ષિક અહેવાલની જોગવાઈ કરવા, જાહેર સત્તામંડળને ફરમાવવાની ;

(ખ) કોઈ નુકશાન અથવા થયેલ બીજી હાનિ માટે ફરિયાદીને વળતર આપવા જાહેર સત્તમંડળને ફરમાવવાની ;
(ગ) આ અધિનિયમ હેઠળ જોગવાઈ કરેલ કોઈ દંડ લાદવાની;
(ઘ) અરજીને નામંજુર કરવાની.

(૯) કેન્દ્રીય માહિતી પંચે અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચે ફરિયાદને અને જાહેર સત્તામંડળને, અપીલ અંગેના કોઈ અધિકાર સહિતના તેના નિર્ણયની નોટિસ આપવી જોઈશે.

(૧૦) કેન્દ્રીય માહિતી પંચે અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચે ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ અનુસાર અપીલનો નિર્ણય કરવો જોઈશે.

**અપીલ**

(૧) જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલી અથવા અધિનિયમની કલમ–૭માં ઠરાવેલી સમય–મર્યાદામાં જેને કોઈ નિર્ણય ન મળ્યો હોય તેવી કોઈપણ વ્યકિત, તેને એવો નિર્ણય મળ્યાની અથવા ન મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર, નમૂના–ચ માં અથવા નમૂના–ચ માં વર્ણવેલી તમામ જરૂરી માહિતી સાથેની સ્વચ્છ રીતે ટાઈપ કરેલી અથવા હસ્તલિખિત અરજીમાં અધિનિયમની કલમ–૧૯ની પેટા કલમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીને અપીલ કરી શકશે.

(૨) પેટા કલમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીના હુકમથી નારાજ થયેલ અરજદાર, અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને નીચેની વિગતો જણાવતી બીજી અપીલ કરી શકશેઃ

(૧) અરજદારનું નામ અને સરનામુંઃ
(૨) જાહેર માહિતી અધિકારીનું નામ અને કચેરીનું સરનામુંઃ
(૩) જેની સામે બીજી અપીલ કરી હોય તે હુકમનો ક્રમાંક, તારીખ અને વિગતોઃ
(૪) બીજી અપીલ કરવા અંગેની સંક્ષિપ્ત હકીકતોઃ
(૫) અપીલ માટેના કારણોઃ
(૬) અપીલ કરનાર દ્વારા કરાયેલ ખરાઈઃ
(૭) અપીલનો નિર્ણય કરવા માટે આયોગ જરૂરી ગણે તેવી કોઈ માહિતી.

(૩) આયોગને કરાતી દરેક અપીલ સાથે નીચેના દસ્તાવેજો જોડવા જોઈશેઃ

(૧) જેની સામે બીજી અપીલ કરી હોય તે હુકમની નકલ.
(૨) અપીલ કરનારે ઉલ્લેખેલા અને આધાર તરીકે રાખેલા દસ્તાવેજોની નકલો અને તેની યાદી.

(૪) અપીલનો નિર્ણય કરતી વખતે, આયોગ,–

(૧) સોગંદ ઉપર અથવા સોગંદનામા ઉપર મૌખિક અથવા લેખિત પુરાવા લઈ શકશે,
(૨) રેકર્ડનું મૂલ્યાંકન કરી શકશે,
(૩) અધિકૃત અધિકારી દ્વારા વધુ વિગતો અથવા સત્યનિષ્ઠાની તપાસ કરી શકશે,
(૪) જાહેર માહિતી અધિકારી અથવા પ્રથમ અપીલની સુનાવણી કરી હોય તે અપીલ સત્તાધિકારીને બોલાવી શકશે,
(૫) ત્રાહિત પક્ષકારની સુનાવણી કરી શકશે, અને
(૬) જાહેર માહિતી અધિકારી અથવા પ્રથમ અપીલની સુનાવણી કરી હોય તે અપીલ સત્તાધિકારી પાસેથી જરૂરી પુરાવા મેળવી શકશે.

(૫) આયોગ, નીચેના પૈકી કોઈપણ એક રીતે નોટિસ બજાવશેઃ–

(૧) પક્ષકારને જાતે જ બજવણીથી,
(૨) રૂબરૂ સોંપણી,
(૩) સ્વીકૃતિની પહોંચ બાકી રાખીને રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા, અથવા
(૪) વિભાગના વડા અથવા તેના તાબાની કચેરી મારફત.

(૬) આયોગ અપીલના પક્ષકારોની સુનાવણી કર્યા પછી, જાહેર કાર્યવાહી દ્વારા પોતાનો નિર્ણય જણાવશે અને તે મતલબનો લેખિત હુકમ કરશે જે રજિસ્ટ્રાર અથવા આયોગ આ અર્થે અધિકૃત કરે તેવા અધિકારી દ્વારા પ્રમાણીકૃત કરવામાં આવશે.